ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચોરી, લૂંટ-ખૂનથી પ્રજાની સુરક્ષા ભયમાં છે,*
*પડાવે પૈસા ઠગીને છેતરપીંડી લયમાં છે,*
*તય નથી જવાબદારી અહીં, રડે સલામતી -*
*તંત્ર છે દૂર વાસ્તવિકતાથી અભિ-નયમાં છે !*
*(સરકારે જ આપેલા અપરાધિકરણના આંકડા!)*

### હાઈકુ

*દારૂની જેમ,*
*કાયદાની કારમાં -*
*ફરે ગૌમાંસ !*

*બન્યા બેફામ -*
*ચલાવે આડેધડ -*
*આધેડ મરો !*

### ચિંતન

**વિદ્યા વિવાદાય ધનં મદાય ।**
**શક્તિઃ પરેષાં પરિપીડનાય ॥**
**ખલસ્ય સાધોર્વિપરીત ભેતદ્ ।**
**જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

દુર્જનની વિદ્યા વાદવિવાદ માટે ધન, અભિમાન માટે અને બળ બીજાઓને દુઃખ દેવા માટે હોય છે. સજ્જનની વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને બળ બીજાઓના રક્ષણ માટે હોય છે.

દુર્જન લોકો પાસે વિદ્યા-ધન અને શક્તિ હોય છતાં સ્વભાવ અને સંસ્કારને કારણે એનો સદુપયોગ કરી શકતા નથી.

જ્યારે સજ્જન લોકો પાસે આવા સદ્‌ગુણ હોય તો તેમના ચારિત્ર્યમાં નિખાર આવે છે અને સમાજને ઉપયોગી થાય છે.

### સુવિચાર

- જેની પાસેથી બીજા સુખ-શાંતિ મેળવી શકે છે એને જ સાચી શાંતિ- સાચુ સુખ પ્રાપ્ત થાય છે - **અષો જરથુષ્ટ્ર**
- કેવી રીતે વાત કરવી એના કોઈ કલાસ નથી હોતા, પણ તમે જે રીતે વાત કરો છો એના પરથી તમારો કલાસ નક્કી થાય છે - **સંત રોબિન**
- જીવનમાં મુશ્કેલીઓને હરાવવાની પ્રબળ ઝંખના જ માનવીને સફળ બનાવી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દંડનીતિ શિથિલ બનવાથી શત્રુઓ સમર્થ બને છે - **ચાણક્ય**
- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાંથી જેને એક પણ પ્રાપ્ત થયો નથી, તેનો જન્મ બકરીના ગળામાં આંચળની જેમ નકામો છે - **હિતોપદેશ**
- મુશ્કેલીઓ આપણને આત્મજ્ઞાન કરાવે છે અને શીખવે છે કે આપણે કઈ માટીમાંથી બન્યા છીએ - **જવાહરલાલ નહેરુ**
- આજનું ઔષધ : કાળાજીરાને ગરમ પાણીમાં પાંચેક મીનીટ ઉકાળી તેમાં તલના પાંચેક ટીપા ઉમેરી નવશેકા પાણીના કોગળા કરવાથી દાંતનો દુઃખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નોકરીની શોધમાં ન્યૂયોર્ક આવેલા તરુણ થોમસ લિપ્ટનને કામ મળતું ન હતું. એ વખતે એને યાદ આવ્યું કે જયારે તે જહાજમાં બેસીને ન્યૂયોર્ક આવતો હતો ત્યારે બીજા પ્રવાસીઓમાં ચર્ચા ચાલતી હતી કે આવડા મોટા અજાણ્યા શહેર ન્યૂયોર્કમાં આપણે કયાં જઈશું ? કઈ હોટલમાં ઉતરીશું ? હોટલમાં આપણી સલામતી કેટલી ? હોટેલ સસ્તી હશે કે મોંઘી ? લિપ્ટનને આ વાતો પરથી એક અનોખો વિચાર આવ્યો તે ન્યૂયોર્કની હોટલ પાસે ગયો. અને તેમને કહ્યું, ‘હું તમને મહિને સો એક જેટલા પ્રવાસીઓ લાવી આપીશ. એના બદલામાં તમારે મને ભોજન અને રહેવા માટે એક રુમ આપવાની.’ તરુણની વાત પર મેનેજરને વિશ્વાસ બેઠો નહીં. તેણે કહ્યું. અરે ભાઈ તું પચાસ પ્રવાસી લાવીશ તો પણ તને એક મહીનો રહેવા જમવાનું મનફત આપીશ.’ તરુણ ન્યૂયોર્ક બંદર પર ગયો. એક જહાજમાંથી ઉતરતા પ્રવાસીઓ પાસે જઈ સરસ માર્કેટીંગ કર્યુ અને પહેલે જ દિવસે હોટેલ પર તે ત્રીસેક પ્રવાસીઓ લઈ આવ્યો. આવી સફળતા જોઈ મેનેજરે તરુણને નોકરીમાં રાખી લીધો. તરુણે ધીમે ધીમે પોતાની સૂઝથી ધંધામાં ઝંપલાવ્યું. અને સાત આઠ વર્ષની મહેનત પછી પોતાની ચાની કંપની ‘લિપ્ટન ચા’ શરુ કરી. જે દુનિયામાં જાણીતી બ્રાન્ડ બની ગઈ.

# હોળી પૂર્વે વાઈરસની હોળી

હોળાષ્ટક વિશેની નકારાત્મક માન્યતા માત્ર ગુજરાત પૂરતી સીમિત લાગે છે. ઉત્તર ભારતમાં તો ફાગણ બેસતાવેંત હોળી ચાલુ થઈ જાય છે અને હોળી એ ત્યાં કોઈ હૈયાહોળીવાળો શોકોત્સવ નથી, એ અણિશુદ્ધ રંગોત્સવ છે. મથુરાની બલકે સમસ્ત વ્રજની લઠ્ઠમાર હોળીને આપણે જાણતા જ નથી. આખા વરસ દરમિયાન આ વસંતઋતુમાં જ બેફામ થઈને પ્રસ્થાપિત મર્યાદાઓની ઐસીતૈસી કરી શકાય, શબ્દકોશમાં સમાવવાલાયક ન ગણાતા યૌનવ્યવહાર સંબંધી ગોપનીય શબ્દો અને મીઠામધ લાગતી ‘નોનવેજ’ મશ્કરી પણ આ દિવસો દરમિયાન જ કહી શકાય. સીમાઓમાં બંધાયેલા મનને આ દિવસોમાં છુટ્ટો દોર મળે છે. એની અભિવ્યક્તિને કોઈ સામાજિક કે નૈતિક બંધનો નડતાં નથી. સ્ત્રી જુવાન હોય, મદમાતી હોય, પરણીને પહેલા આણે આવી હોય અને નાનો દિયરિયો લાડકો એની છેડતી ના કરે તો એને પોતાનામાં જ કશી ઊણપ તો નથી ? - એવો અહેસાસ થતો હોય છે. આવી ફુલ્લપ્રફુલ્લ માનસિકતાને આ દિવસોમાં કોઈ વ્યભિચાર કહેતું નથી, બલકે એને આબાલવૃદ્ધ આનંદના ઉદ્રેક તરીકે આવકારે છે. હોળીના પ્રારંભિક દિવસોને - એના આગલા અઠવાડિયાને જયોતિષીઓએ ‘હોળાષ્ટક’ નામ આપી દઈ અપશુકનિયાળ કેમ ગણાવ્યા હશે તે સમજાતું

**તંત્રીસ્થાનેથી...**

નથી. આ આઠ દિવસો દરમિયાન શુભ કાર્યોને પ્રારંભ નહીં કરવાનો ઉપદેશ કે આદેશ ગુજરાતીઓ તો પાળે છે પરંતુ હોળી જે પ્રદેશનો સૌથી લાડકો તહેવાર છે તે ઉત્તર ભારતમાં એવો કોઈ છોછ નથી. હોળી સાથે મહાનાયકોને ના જોતરીએ તો આપણે ભારતીયો શાના ? કૃષ્ણ આપણા સર્વકાલીન મહાનાયક છે, પરંતુ આપણી પ્રજાએ તો સહજાનંદ સ્વામી જેવા વિરક્ત સંન્યાસીને પણ હોળી રમાડ્યા છે. શિવરાત્રીની ભાંગ હોળી દરમિયાન ઘૂંટાતી ઘૂંટાતી વધુ માદક બની જાય છે અને ‘ભંગ કા રંગ ચકાચક’ જેવાં ગીતો સાથે એનું સેવન કરનારા પગ થનગની ઊઠે છે. થોડું નાટક ચેટક, થોડો નશો અને લાગ મળે ત્યારે વિજાતીય પાત્ર સાથેની છેડછાડ, જે તકની રાહ આખા વરસથી જોતા રહ્યા હોય તે આ દિવસોમાં સામે ચાલીને મળે તેનો લહાવો લૂંટવાનો ચૂકે એ તો અભાગિયો જ ગણાય. પરંતુ આ વખતની હોળી પર કોરોના વાઈરસનો ઓછાયો છવાયેલો છે. એટલે છેક રાષ્ટ્રપતિભવન અને વડાપ્રધાન નિવાસથી લઈ અત્ર-તત્ર-સર્વત્ર હોળીના રંગમાં ભંગ પડ્યો છે. જાહેરાતો થઈ ચૂકી છે : હોળી મિલનના કાર્યક્રમો રદ કરાયાની નોટિસો પાઠવાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય શિખર પરિષદો અટકી ગઈ છે. મહાનાયકની મનગમતી યાત્રાપ્રવૃત્તિ પર વાઈરસનો સકંજો આવી ગયો છે. ધાર્મિક મહોત્સવો પર પાબંધી લાગી રહી છે. એક અજાણ્યું - નરી આંખે કયારેક નથી દેખાવાનું એવું જીવડું આપણા સૌથી હર્ષોલ્લાસના મહોત્સવને મોળો પાડી દે તે કેવી વિડંબના છે! પરંતુ સબૂર, માનવીને સૌથી વહાલું છે જીવન. જીવવા માટે એ કોઈ પણ પ્રતિબંધ સ્વીકારી લેશે. ગમે તેવા આનંદને જતો કરવા તૈયાર થઈ જશે. હોળીના તાપથી કોરોના વાઈરસ બળીને ભસ્મ જ થઈ જવાનું છે અને ભાંગના નશામાં તો માણસ અમસ્તોય ધોળા દિવસે તારા જોતો થઈ જતો હોય છે. બનવાજોગ કે તારાને બદલે હવે એને ઊંઘમાંય વાઈરસ દેખાવા લાગે ! આનું નામ જ સમયની બલિહારી. આ વર્ષે હોળી પૂર્વે દિલ્હીમાં સાંપ્રદાયિક રમખાણોની હોળી સળગી.એની હારોહાર કોરોના વાઈરસની હોળી તો સળગેલી જ છે.

## જે ગાયને હજી વાછરડું જન્મ્યું નથી, તેને જો કોઈ દોહવા લાગે, તો તેને દૂધ મળવાનું નથી

**અરે ! ભેંસ ચારા ખા રહી હૈ ઓર તુમ દહીં બેચને કી બાત કર રહે હો !... ખયાલી પુલાવ મન પકાઓ...**
**- હેરાફેરી**



**ડાયલોગથી દેવભાષા**
ડૉ. જય ઓઝા

પ્રિયદર્શન દિગ્દર્શિત ‘હેરાફેરી’ હાસ્યનો મહાકુંભ સમાન ફિલ્મ હતી. પરેશ રાવલ, અક્ષયકુમાર અને સુનિલ શેટ્ટી અભિનિત આ ફિલ્મના સંવાદ આપણાં ગુજરાતી સંવાદ લેખક નીરજ વોરાએ લખ્યાં હતાં. આ ફિલ્મથી જ ‘બાબુરાવ ગણપતરાવ આપ્ટે’ ઉર્ફે પરેશ રાવલનો નવો અવતાર આપણી સમક્ષ આવ્યો, તો વળી અક્ષયકુમારની કારકિર્દી માટે પણ આ ફિલ્મ પારસમણી સાબિત થઈ.

ઉપરોક્ત સંવાદ અક્ષયકુમાર પરેશ રાવલને ત્યારે કહે છે, જયારે બાબુરાવ પોતાના બધા લેણદારને બોલાવીને એક સાથે પૈસા લઈ જવાની વાત કહે છે. હજી પૈસા હાથમાં આવ્યા નથી, અને બાબુરાવ પૈસાની વહેંચણી ચાલુ કરી દે છે.

આવા જ અર્થસામ્યવાળી એક પંક્તિ ‘સૌદરાનન્દ’ નામક ‘અશ્વઘોષ’ કૃત કાવ્યમાં મળી આવે છે.

**અજાતવત્સાં યદિ ગાં દુહીત નૈવાપ્નુયાત્ ક્ષીરમકાલદોહી ।**
**- સૌદરાનન્દ ૧૬.૫૦**

જે ગાયને હજી વાછરડું જન્મ્યું નથી, તેને જો કોઈ દોહવા લાગે, તો તેને દૂધ મળવાનું નથી.

મહાકવિ અશ્વઘોષે ‘બુદ્ધચરિતમ્’, ‘સૌદરાનન્દકાવ્ય’, ‘ગંડીસ્તોત્રગાથા’ અને ‘શારિપુત્રપ્રકરણમ્’ આ ચાર કૃતિઓની રચના કરી છે.

અશ્વઘોષ બૌદ્ધ મહાકવિ અને દાર્શનિક હતા. તેમનો સમય પ્રથમ શતાબ્દીનો અંત અને દ્વિતીય શતાબ્દીનો આરંભ માનવામાં આવે છે. તેમનો જન્મ અયોધ્યામાં થયો હતો. તેમની માતાનું નામ સુર્ણાક્ષી હતું.

‘સૌદરાનન્દ’ કાવ્ય ‘૧૮’ સર્ગમાં વિભાજીત છે. આ ગ્રંથ ‘બુદ્ધ’ના ઓરમાન ભાઈ આનંદનું બૌદ્ધ ધર્મમાં દીક્ષિત થવાના પ્રસંગ પર આધારિત છે. કાવ્યદૃષ્ટિએ આ ગ્રંથ બુદ્ધચરિતની અપેક્ષાએ વધુ સ્નિગ્ધ અને સુંદર છે.

મહાકવિ અશ્વઘોષ અને આપણા ગુજ્જુ નિરજ વોરાના સંવાદોનું તારતમ્ય કેવું છે. સંસ્કૃત સાહિત્યનો જોટો કયાંક મળે તેમ નથી. અહીં બધું જ હજારો વર્ષો પહેલાં કહેવાઈ ચૂક્યું છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

## ૮મીએ ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સ્વરચિત ગદ્ય-પદ્ય પઠનનો કાર્યક્રમ

વૃત્તસંચય

● ઓલ ઈન્ડિયા વિમન્સ કોન્ફરન્સ બૃહદ, સુરત શાખા ટ્રસ્ટના વાચનમંચના ઉપક્રમે આઠમી સ્મિતા પારેખ સ્પર્ધા-૨૦૧૯નું પરિણામ જાહેર કરવામાં આવેલ છે. જેમાં (૧) વાર્તા ‘પારિજાત’ - લે. સુશ્રી પારુલબહેન ખખ્ખર, (૨) બાળ વાર્તાસ્પર્ધામાં રાજેશભાઈ પારેખ રચિત વાર્તા ‘ધોળા ધોળા કોયલબેન’ને અને (૩) કવિતા સ્પર્ધામાં મયંક ઓઝાની ગઝલને પારિતોષિક આપવામાં આવનાર છે. વિજેતા સાહિત્યકારોને અભિનંદન શુભકામનાઓ.



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર ‘દધિ’

● ભાવનગર જિલ્લાના મહુવા ખાતે સુનિયા ઈજ્જતકુમાર ત્રિવેદીના લઘુકથા સંગ્રહ ‘અણસાર’નું વિમોચન પૂ. મોરારિ બાપુના હસ્તે યોજાઈ ગયું.

નર્મદા સાહિત્ય સભા, સુરત દ્વારા ૭૫મો નર્મદ ચંદ્રક મનસુખ સલ્લાને તેમના પુસ્તક ‘તુલસીક્યારાના દીવાઓ’ માટે અર્પણ કરવાનો કાર્યક્રમ પ્રજ્ઞા વશીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન હાસ્યલેખક નટવર પંડ્યાએ કર્યું હતું.

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દરમાસના બીજા રવિવાર નિયમિત સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે, તે અંતર્ગત, આ માસના બીજા રવિવારે તા ૮-૩-૨૦૨૦ના રોજ, સાંજના પાંચ વાગ્યે, યુથ હોસ્ટેલ ગાંધીનગર ખાતે, રંગોના તહેવાર ‘ધૂળેટી’ને અનુલક્ષીને ‘રંગ બરસે’ અને ‘મહિલાઓની મહાનતા’ વિશેનો સ્વરચિત ગદ્ય-પદ્ય પઠનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અને ભાષાપ્રેમીઓને પોતાની સ્વરચિત રચના સાથે આ સાહિત્યિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા, સંસ્થા અધ્યક્ષ નટવર હેડાઉ દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# કવિશ્વર દલપતરામનું દ્વિ-શતાબ્દીએ સ્મરણ

કવિશ્વર દલપતરામનો દ્વિ શતાબ્દી મહોત્સવ વઢવાણમાં ઉજવાયો તે પ્રસંગ નાનો હોય તો પણ મહત્વનો છે. અનેક સાહિત્ય રસિકોના મનમાં આપણાં નામધારી કવિ દલપતરામની મીઠી સ્મૃતિ થાય તે હેતુ આવા કાર્યોથી જરૂર સિધ્ધ થાય છે. વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરને આવું સમયસરનું તથા સુચારું આયોજન કરવા માટે ધન્યવાદ આપવા જોઈએ. કવીશ્વરના નામ સાથે જોડાયેલો એવોર્ડ પણ વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા નિયમિત રીતે આપવામાં આવે છે. આવા વિચારપૂર્વકના કાર્યથી દલપતરામની સ્મૃતિ જીવંત રાખીને તેમનો ઉચિત આદર કરવાનો આ ઉમદા પ્રયાસ છે. વઢવાણના સંતાન દલપતરામે સાહિત્યના અનેક ક્ષેત્રોમાં જે ખેડાણ કરેલું છે તે આદર તથા અહોભાવ ઉપજાવે તેવું છે. આ કાર્યક્રમના એક ભાગ તરીકેજ દલપતરામના બાળ સાહિત્યની રચનાઓનું એક સુંદર પ્રકાશન થયું. આ પ્રકાશનની રચનાઓ જોઈએ તો આ કવિનું બાળ સાહિત્યમાં પણ કેટલું મોટું પ્રદાન છે તેનો ખ્યાલ આવે છે. વિચારોથી હમેશા યુવાન અને અભ્યાસુ એવા યશવંત મહેતાએ મહેનત કરીને આ પુસ્તિકાનું સંપાદન કરેલું છે. (પ્રકાશક : ગુર્જર સાહિત્ય) ૧૮૨૦ની ૨૧મી જાન્યુઆરીએ જેમનો જન્મ થયો હતો તેવા આ મહામુલા કવિશ્વરના જન્મને બસ્સો વર્ષના વહાણા વાઈ ગયા છે. છતાં પણ આજે દલપતરામની અનેક રચનાઓ લોકોના હૈયે અને હોઠે રમે છે. દલપતરામની અનેક રચનાઓ ચિરંજીવી બની રહી છે.

કોઈપણ નગર કે ગામનો સમાજ પોતાના કવિને યાદ કરીને પ્રસંગ ઊભો કરે તે સમાજની સ્વસ્થતા તેમજ સક્રિયતાનું દર્શન કરાવે છે. દલપત પુત્ર મહાકવિ નાનાલાલની સ્મૃતિમાં પણ નિયમિત રીતે કાર્યક્રમો થાય છે તે પણ નોંધપાત્ર બાબત છે. સાહિત્ય સાથે હાલની તેમજ ભવિષ્યની પેઢીને જોડવાનો આ પ્રયાસ છે તેથી વિશેષ અભિનંદનને પાત્ર છે. સમાજ આ રીતે પોતાનો આદર પ્રગટ કરીને સર્જકનું ઋણ ચૂકવે છે.

દલપતરામ તેમજ નાનાલાલ ઉત્તમ સાહિત્ય સર્જન થકી લગભગ ૧૦૦ વર્ષ સુધી આ ક્ષેત્રમાં પ્રભાવી તેમજ દિશા દર્શક રહ્યા. દલપતરામને અર્વાચીનોમાં આદ્ય કહેવામાં આવે છે તે યથાર્થ છે. દલપત-નર્મદની જોડીએ ગુજરાતી કવિતાને નૂતન રૂપ રંગ પૂરા પાડ્યા છે. કવિશ્વર દલપતરામ તેમજ ફાર્બસ સાહેનું મીલન એ પણ એક સુખદ સુયોગ છે. એક અંગ્રેજ અમલદારની સાહિત્ય તરફની ઊંડી રુચિ તેમજ તેના સંશોધનની અદમ્ય ઈચ્છાને કારણે તેમણે દલપતરામ જેવા રત્નને શોધી કાઢ્યા. દલપતરામના માર્ગદર્શન હેઠળ ફાર્બસ સાહેબનું રાસમાળાનું સ્વપ્ન ચરિતાર્થ થઈ શક્યું. ગુજરાતી ભાષાના સંવર્ધન માટે આ બન્ને મહાનુભાવોના પ્રયાસો થકી ગુજરાત વર્નાક્યૂલર સોસાયટીનો જન્મ થયો. આ ઉપરાંત ‘બુધ્ધિ પ્રકાશ’ સામયિકની શુભ શરૂઆત થઈ. ‘બુધ્ધિ પ્રકાશ’ અજે પણ ચાલે છે તથા પોતાની રીતે સાહિત્ય સેવા કરે છે. આજે આપણાંમાંથી ઘણાં લોકો ગુજરાતી ભાષાની વર્તમાન સ્થિતિ અંગે સકારણ ચિંતા કરે છે. આ સંદર્ભમાં જોઈએ તો વર્નાક્યૂલર સોસાયટીની સ્થાપના એ આ સમસ્યાના ઉકેલની દિશામાં ૧૫૦ વર્ષ પહેલા થયેલો એક સ્તુત્ય પ્રયાસ છે. આજે પણ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી આપણી હવે પછીની પેઢીને કોઈક રીતે આપણાં સાહિત્ય સાથે જોડવાની બાબત એક મોટો પડકાર છે. આ પડકારને પહોંચી વળવા નાના મોટા પ્રયાસો જરૂર થાય છે, પરંતુ કોઈ નક્કર પરિણામો હજુ નજર સામે દેખાતા નથી. યુવાન વર્ગને આકર્ષણ પેદા થાય અને જળવાઈ રહે તેવું સુગ્રથિત આયોજન કેવી રીતે કરવું તે વિચારવાનો આ મહત્વનો સમય છે. મહેન્દ્રભાઈ મેઘાણી જેવા કમીટેડ લોકો ઘણો પ્રયાસ કરે છે. લોકમીલાપના પ્રકાશનો થકી સાહિત્યનો વિપુલ ખજાનો યુવાનો સહિતના અનેક લોકો સુધી પહોંચ્યો છે. પરંતુ આવા મજબૂત અને વ્યાપક પ્રયાસો સમાજ તેમજ સંસ્થાઓએ વિશેષ કરવા પડશે. કવિશ્વર દલપતરામ જેવા આપણાં અનેક સર્જકોને શ્રધ્ધાંજલિ આપવાનો આ પણ એક માર્ગ છે. એ પણ એક સુખદ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

સંભારણું છે કે કવિશ્વરે વિદ્યાર્થીઓ માટેની વાચનમાળા તૈયાર કરી. નાદુરસ્ત તબિયત છતાં આ કાર્ય તેમણે સ્વભાવગત નિષ્ઠાથી કર્યું. દેશનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ લડાયો તે ૧૮૫૭ ના ઐતિહાસિક વર્ષમાં આ કાર્ય શરૂ થયું. આ કામ પણ અંગ્રેજ અમલદાર હોપના આગ્રહ તેમજ નિમંત્રણથી દલપતરામે કર્યું. આ ઉપયોગી વાચનમાળાના માધ્યમથી બાળકો તેમજ કિશોર વયના વિદ્યાર્થીઓ માટે તેમને રુચિકર લાગે એવી દ્રષ્ટાંત કથાઓ સાથેની આ વાચનમાળા દલપતરામના અનેક મહત્વના યોગદાન પૈકીનું એક છે. કવિશ્વરે હોપ વાચનમાળા પ્રાથમિક ધોરણોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લખી હતી. ગેય રચનાઓ તેમજ વિનોદ અને રમૂજના મિશ્રણથી બાળકોને આ રચનાઓ પ્રિય બની હતી.

વાચન થકી વિચારનો જન્મ થવો તે સ્વાભાવિક ક્રમ છે. ‘Un to this Last’ નામનું પુસ્તક વાંચીને ગાંધીજીને જે વિચાર આવ્યો તેમાંથી તેમના જીવનમાં મોટું પરિવર્તન થયું તે સુપ્રસિધ્ધ ઘટના છે. આ બાબતનું પ્રતિપાદન કરતા હોય તેમ વાચનમાળામાં દલપતરામ લખે છે :

વાંચે પણ નહિ કરે વિચાર,
તે સમજે નહિ સઘળો સાર.

વાચનમાળાની અનેક પંક્તિઓ માણવા જેવી છે. તેમાં શાશ્વત સત્યો રહેલા છે.

સાચામાં સુખ છે ઘણું
સાચે સૌનો સ્નેહ,
સાચે સોહે જગપતિ
સાચે શોભે દેહ.
ઝાઝા નબળા લોકથી
કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો
પ્રાણ જ લે આ પેર.

દલપતરામ કવિશ્વર એ આપણી ભાષાના અનોખા તેમજ અદ્વિતીય કવિ છે. તેમની ઉત્તમ રચનાઓ થકી તેઓ હમેશા લોકસમૂહમાં જીવંત તેમજ ધબકતા રહેશે.

# વિનોબાજીના હાડોહાડમાં ગાંધી નિસ્બત અને નિષ્ઠા

આઝાદી પછીની સૌથી પહેલી જવાહરલાલ નહેરુ સરકારની રચનાત્મક કાર્યો માટે મદદની અપેક્ષા સેવી હતી. વિનોબા ભાવેએ પણ આવી ભલામણ પંડિતજીને કરી હતી. એ પછી નિરાશ્રિતોને વસાવવાનું કામ તેમને સોંપાયું હતું. પરંતુ છ મહિના સુધી દિલ્હીની દોડાદોડ છતાં યોગ્ય રીતે કામ નહીં થતા વિનોબાએ નોકરશાહીનો કટુ અનુભવ થઈ ગયો હતો એ પછી તેમણે એ કામ છોડી દીધું હતું અને શાંતિની ગુંજાશવાળા કામો અંગે વિચાર કર્યો હતો અને વિચારને કાર્યમાં પરિમણી દીધો.

અને આ પદયાત્રીને પહેલી જમીન અનુસૂચિત જાતિના ભાઈઓ માટે તેલંગાણા રાજયમાં દાનમાં મળી. એ પછી તેમમે ગામેગામ પગપાળા ફરીને ભૂમિહીન ભારતીયો માટે જમીન માંગવા માંડી. એક પ્રદેશમાં સામ્યવાદી હિંસા અને આતંકના માર્ગે સમાતનાના લાવવાનો પ્રયાસ કરતા હતા. ત્યાં ભરાયેલી પહેલી સભામાં જ તેમણે હિંસા અને આતંક છોડીને ગરીબોન શાંત અને અહિંસક માર્ગે કામ કરવા આવાહન કર્યું હતું. તેમણે શિખ આપતા કહ્યું કે ‘ગરીબોની મદદ માટે સામ્યવાદીઓએ ધનવાનોનું ખૂન કરવાની જરૂર નથી. પ્રજાતંત્રમાં પિસ્તોલનું સ્થાન હવે વૉટે લીધું છે. સામ્યવાદીઓ ખુલ્લા થઈને સામે આવે અને લોકમતને શિક્ષિત કરે.’ જો તેઓ હિંસા છોડી દે તો આ કામમાં હું તેમની સાથે દેશને ખૂણી ખૂણે ફરું.’

ત્રીસ વર્ષ પહેલા જેમણે ગાંધીજીને પિતા તરીકે સ્વીકારેલા વિનોબા ભાવેની આ વાત ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહના શરુઆતના દિવસોમાં વ્યક્ત કરેલા ‘અભય’ની યાદ અપાવે એવી હતી. ગાંધીજીના અનુશરણમાં

**સમાજને પૈસાની ગુલામીમાંથી મુક્તિનું અભિયાન શરુ કર્યું હતું**

રહેલા તેમના આ આધ્યાત્મિક વારસદાર જયારે ગરીબ ભૂમિહિનોને માટે જમીનની ભિક્ષા માગવા નીકળે છે તે સમયનું તેમનું રોજિંદી પ્રવૃત્તિઓનું સમયપત્રક પણ ગાંધીના કાર્યોની યાદ અપાવે એવું છે. ભૂદાન યાત્રા સમયે તેઓ વહેલી સવારે ચાર વાગે કે એથી પણ વહેલા ઉઠી જતા હતા. થોડા સ્વાધ્યાય અને પ્રાર્થના કરીને પાંચ વાગે પોતાની યાત્રા શરુ કરી દેતા હતા. આગલા મુકામે પહોંચી ત્યાં સ્નાનાદિથી પરવારનીને ભોજન લઈ થોડો આરામ કરતા હતા. પછી વર્તમાનપત્રોનું વાંચન, પત્રવ્યવહાર અને લોકોનું મળવાનું કામ કરતા હતા. નિયમિત રીતે એક કલાક કાંતણ કાર્ય ચાલતું હતું. પાંચ વાગે પ્રાર્થના સભા અને પ્રવચન કરીને લોકજાગૃતિ કાર્ય હાથ ધરતા હતા. ફરી લોકોને મળીને ભોજન કરીને રાતે નવ વાગે સૂઈ જતા હતા. જાણે ગાંધીના ગયા પછી પણ ગાંધીનો દૈનિક ક્રમ જીવતો માણસ જ જોઈ લ્યો.

શરુઆતની આ ઐતિહાસિક પદયાત્રા એકાવન દિવસ ચાલી. એ દરમિયાન ૨૦૦ ગામમાંથી ૧૨ હજાર એકર જમીન મળી. અને વિનોભાના કાર્યમાં વિશ્વાસ વ્યક્ત કરતા હોય એમ એમણે ત્યાંથી વિદાય લીધી એ પછી પણ ત્યાંના સ્થાનિક કાર્યકરોને એક લાખ એકર જમીન દાનમાં મળી આ વિનોબા પ્રત્યેનો પ્રજા વિશ્વાસ હતો. જે કામ આઝાદ ભારતની સરકાર વિચારી પણ ના શકી એ કામ ગાંધીના અનુયાયીએ પ્રજા મત કેળવીને કરી આપ્યું. શિવરાવ પલ્લી, તેલંગાણાથી તેઓ પુનઃ સેવાગ્રામ તરફ આવવા નીકળ્યા. એકાવન દિવસે તેઓ પરત પહોંચ્યા પછી તેમણે કહ્યું કે ‘હજી જમીન



**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની

માગવાનું કામ ચાલુ રાખવાનો મારો કોઈ ઈરાદો નથી. હવે લોકો મને વામનનો અવતાર માનવા લાગ્યા છે એટલે આસપાસના ગામોના લોકો પોતાની ઈચ્છાથી મને જમીન આપવા ઈચ્છશે તો એ હું ખુશીથી લઈશ. પણ આશ્રમમાં જે પ્રયોગો ચાલી રહ્યા છે તેને હું વધારે મહત્ત્વપૂર્ણ માનું છું. તેની તુલનામાં જમીનનો પ્રશ્ન સહેલો છે.’

વિનોબા ‘કાંચન મુક્તિ’ના આશ્રમ પ્રયોગ દ્વારા બારતના ગામડાને સર્વોદય સમાજમાં ફેરવવાનું કાર્ય હાથ ધર્યું હતું. કાંચન મુક્તિના આ પ્રયોગ દ્વારા તેઓ સમાજને સ્વાવલંબી બનાવવા અને શરીરશ્રમ સાથે જોડીને પૈસાની ગુલામીમાંથી મુક્ત કરવાનું કામ હાથ પર લીધું હતું. ગાંધીના વિચારોનું ગ્રામ સ્વરાજ અને ગ્રામ સ્વાવલંબનને દાખલ કરવાના પ્રયાસો તેમણે હાથ ધર્યા હતા.

વિનોબા ભાવેએ આઝાદીના થોડા દિવસોમાં જ આપણે ગાંધીને ગુમાવી દીધા પછી, તેમના વિચારોના આધારે આર્થિક સ્વાવલંબન સાથે સંતુલિત સમાજ રચના માટે કામ કરવા માંડે છે. ગાંધી યજ્ઞની ચૂપચાપ ધૂણી ધખાવીને તેઓ શાંતિ અહિંસક માર્ગે સેવાગ્રામ થકી સેવારત રહે છે. એમના કાર્યો અને પ્રવૃત્તિઓ જોતા સ્પષ્ટ થાય કે ખોળીયું ભલે જુદું હોય પણ વિચારોની સજ્જતા ગાંધી જેવી જ તેમનામાં દેખાતી હતી. જાણે ગાંધીના આ આધ્યાત્મિક વારસદાર પુત્રમાં ગાંધી વિચાર હાડોહાડ વ્યાપેલો, અનુભવાયેલો અને કર્મણ્યતા સાથેનો આપણને અનુભવ્યા વગર રહી ન શકીએ એ રીતે જોવા મળે છે.